પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૫ | ૬ ફેબ્રુઆરી, ૨૦૨૧, શનિવાર; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ખેડૂતોનું ચક્કાજામનું એલાન

## દિલ્હી, યુપી અને ઉત્તરાખંડ સિવાય દેશમાં ચક્કાજામનું ખેડૂતોનું એલાન

નવી દિલ્હી, તા. ૫

નવા કૃષિ કાયદાઓ વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો ૬ ફેબ્રુઆરી એટલે કે આવતીકાલે શનિવારે ચક્કાજામ કરવા જઈ રહ્યા છે. ખેડૂત યુનિયનોનું કહેવું છે કે આ ચક્કાજામ દેશવ્યાપી હશે. આ દરમિયાન મુખ્ય રસ્તાઓ પર ૬ ફેબ્રુઆરીએ બપોરે ૧૨થી ૩ વાગ્યા સુધી ગાડીઓ ચલાવવા દેવામાં આવશે નહીં. સિંધુ બોર્ડર પાસે ૧ ફેબ્રુઆરીએ યોજાયેલી બેઠકમાં આના પર અંતિમ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે શુક્રવારે જણાવ્યું હતું કે જે લોકો અહીં નથી આવી શક્યા તેઓ પોત-પોતાના વિસ્તારમાં શનિવારે શાંતિપૂર્વક ચક્કાજામ



કરશે. ૬ ફેબ્રુઆરીએ. બપોરે ૧૨ વાગ્યાથી લઈને ૩ વાગ્યા સુધી દેશના મુખ્ય માર્ગો પર કોઈ ગાડી ચલાવવા દેવામાં આવશે નહીં,તમામ નેશનલ અને સ્ટેટ હાઈ-વે પર ચક્કાજામ રહેશે.

નેતા રાકેશ ટિકૈતના જણાવ્યા પ્રમાણે દિલ્હી, યુપી અને ઉત્તરાખંડમાં કોઈ પણ પ્રકારનો ચક્કાજામ નહીં થાય. આ સિવાય સમગ્ર દેશમાં ચક્કાજામ થશે. સંયુક્ત કિસાન મોર્ચાના જણાવ્યા

**આજે ખેડૂતો દેશભરમાં ચક્કાજામ કરી વિરોધ વ્યક્ત કરશે : ખેડૂત નેતા રાકેશ ટિકૈતનું એલાન : બપોરે ૧૨ વાગ્યાથી લઈને ત્રણ વાગ્યા સુધી દેશના તમામ નેશનલ અને સ્ટેટ હાઈ-વે પર શાંતિપૂર્ણ ચક્કાજામ રહેશે**

પ્રમાણે ૨૬ જાન્યુઆરી બાદ આંદોલન કરી રહેલા ખેડૂતોના ઘણા ટ્રેક્ટરો અને વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. દિલ્હી બોર્ડરની આજુબાજુની જગ્યાઓને સંપૂર્ણ રીતે બ્લોક કરવામાં આવી રહી છે. ધરણા ચાલી રહ્યા છે તે સ્થળો અને તેની આજુબાજુ વિજળી, પાણીનો પૂરવઠો તથા ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે.

ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ મંજીત સિંહ

● અનુસંધાન પાન-૭ પર

## કાયદામાં કાળું શું છે એ તો કોઈ કહે : નરેન્દ્ર સિંહ તોમર

### કાયદાનો વિરોધ એક રાજ્ય પુરતો જ સિમત છે, ખેડૂતોને ઉશ્કેરવામાં આવતા હોવાનો કેન્દ્રીય મંત્રીનો આક્ષેપ

નવી દિલ્હી, તા. ૫

કેન્દ્રના નવા કૃષિ કાયદા અંગે શુક્રવારે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે રાજ્યસભામાં પોતાની વાત રાખી. તેમણે કહ્યું કે, કૃષિ કાયદાને લઈને વિરોધ માત્ર એક રાજ્ય સુધી જ સીમિત છે અને ખેડૂતોને ઉશ્કેરવામાં આવી રહ્યાં છે.



નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે, વિપક્ષ સરકારને ખેડૂત આંદોલન મુદ્દે ઘેરી રહ્યું છે અને ત્રણ નવા કાયદાને કાળા કાયદા બતાવી રહ્યાં છે. પરંતુ આ કાયદામાં કાળું શું છે. નવા કાયદા હેઠળ ખેડૂત પોતાના સામાનને ક્યાંય પણ વેચી શકે છે. જો એપીએમસી બહાર કોઈ ટ્રેડ હોય તો કોઈપણ પ્રકારનો ટેક્સ નહીં લાગે. હું ખેડૂત યુનિયનને બે મહિના સુધી પૂછતો રહ્યો કે, કાયદામાં કાળું શું છે.

કૃષિ મંત્રીએ કહ્યું કે, ભારત સરકાર કાયદામાં સંશોધન માટે તૈયાર છે. આનો અર્થ એ નથી કે કૃષિ કાયદામાં કોઈ ભૂલ છે. એક રાજ્યના લોકો ખોટી વાતનો શિકાર છે. ખેડૂતોને એ વાત માટે છેતરવામાં આવ્યા છે કે, આ કાયદા તેમની જમીન લઈ જશે. ખેડૂતોની આવક બમણી થાય તેના માટે સરકારે પ્રધાનમંત્રી કિસાન યોજનાના માધ્યમથી ૬ રૂપિયાનું યોગદાન આપ્યું. આજે અમે કહી શકીએ છીએ કે, ૧૦ કરોડ ૭૫ લાખ ખેડૂતોને ૧.૧૫ લાખ કરોડ રૂપિયા ડીબીટી દ્વારા તેમના એકાઉન્ટમાં મોકલવાનું કામ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારનો એક્ટ રાજ્ય સરકારના ટેક્સને ખત્મ કરે છે. પરંતુ રાજ્ય સરકારનો કાયદો ટેક્સ આપવાની વાત કરે છે. જે ટેક્સ લેવા માગે છે તેમના વિરુદ્ધ આંદોલન થવો જોઈએ.

# સતત પાંચમા દિવસે શેરબજારમાં તેજી

### સેન્સેક્સ ૧૧૭ અંક પ્લસ : પ્રથમ વખત સેન્સેક્સ ૫૧,૦૦૦ અને નિફ્ટી ૧૫,૦૦૦ને પાર

મુંબઈ,તા.૫

ક્રેડિટ પોલિસીના એલાન પછી શેર બજારમાં ઉતાર ચઢાવ જોવા મળ્યો હતો. આખરે ઉતાર ચઢાવ પછી શેર માર્કેટ સતત પાંચમા દિવસે તેજી સાથે બંધ થયું હતું.

સેંસેક્સ ૧૧૭.૩૪ પોઈન્ટ એટલે કે ૦.૨૩ ટકા સાથે ૫૦,૭૩૨.૬૩ના સ્તર બંધ થયો હતો. તો સાથે સાથે નિફ્ટી પણ ૨૮.૬૦ પોઈન્ટના વધારા સાથે ૧૪૯૨૪.૨૫ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. રેકોર્ડ બ્રેક ક્લોઝિંગ કર્યું છે. બીએસઈના મિડ અને સ્મોલ કેપ શેરોમાં સારો બિઝનેસ જોવા મળ્યો હતો.

બજેટ પછી સતત શેર માર્કેટમાં તેજી જોવા મળી રહી છે. દિવસે દિવસે શેર બજાર તમામ રેકોર્ડ તોડી રહ્યું છે. ચાલુ મહિનાના છેલ્લા પાંચ દિવસથી સતત શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. ભારે તેજીના પગલે લોકોને કોરોનાકાળ પછી ધીરે ધીરે રાહત અનુભવી રહ્યા છે.

સેન્સેક્સ પર એસબીઆઈ, કોટક મહિન્દ્રા, ડો.રેડ્ડી લેબ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, આઈટીસી સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. એસબીઆઈ ૧૦.૬૯ ટકા વધીને ૩૯૩.૦૫ પર બંધ રહ્યો હતો. કોટક મહિન્દ્રા ૩.૭૩ ટકા વધીને ૧૯૮૨.૫૫ પર બંધ રહ્યો હતો.

## આરબીઆઈએ ૧૦૦ ડિફોલ્ટરની ૬૨,૦૦૦ કરોડની લોન માફ કરી

ન્યુ દિલ્હી,તા.૫

ભારતની કેન્દ્રીય બેંક દ્વારા ભારતના ટોચના ૧૦૦ ડિફોલ્ટરની ૬૨૦૦૦ કરોડની લોન માફ કરી દેવામાં આવી છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા ભારતના ૧૦૦ મોટા દેવાદરોની લોન માફ કરવામાં આવી છે અને જે કંપનીઓની લોન માફ કરવામાં આવી છે તેમાં જતીન મેહતાની કંપની ટોપમાં છે. રિઝર્વ બેંક દ્વારા એક રીપોર્ટ અનુસાર ભારતીય રિઝર્વ બેંક દ્વારા ૧૦૦ મોટા વિલફૂલ ડિફોલ્ટર્સની લોન જતી કરવામાં આવી છે જેની કુલ કિંમત રૂપિયા ૬૨,૦૦૦ કરોડ થાય છે.

આરટીઆઈમાં વધુ એક મોટો ખુલાસો થયો છે કે લોન ચુકવ્યા વગર દેશમાંથી ભાગી ગયેલા મેહુલ ચોકસીની કંપની ગીતાંજલિ ડિફોલ્ટરની લિસ્ટમાં ટોચના ક્રમે છે અને કંપનીની એનપીએ પાંચ હજાર કરોડથી પણ વધારે છે. કંપનીની ૬૨૨ કરોડની લોન માફ કરવામાં આવી છે.

બિશ્વનાથ ગોસ્વામી દ્વારા એક આરટીઆઈ દાખલ કરવામાં આવી હતી જે બાદ આ માહિતીઓ બહાર આવી છે. જે કંપનીઓની લોન માફ કરવામાં આવી છે તેમાં Winsome Diamondsની ૩,૦૯૮ કરોડ રૂપિયાની લોન જતી કરવામાં આવી છે અને આ યાદીમાં આગળ બાસમતી રાઈસ બનાવટી કંપની REI Agroની ૨,૭૮૯ કરોડ, કેમિકલ બનાવતી Kudos Chemieના ૧,૯૭૯ કરોડ રૂપિયા તથા કન્સ્ટ્રક્શન કંપની Zoom Developersના ૧,૯૨૭ કરોડ રૂપિયા માફ કરવામાં આવ્યા છે.

બેંક દ્વારા જે કંપનીઓની લોન માફી કરવામાં આવી છે તેમાં ભાગેડુ વિજય માલ્યાને પણ રાહત મળી છે. વિજય માલ્યાની કિંગફિશર એરલાઈન્સની ૧,૩૧૪ કરોડ રૂપિયાની લોન માફ કરી દેવામાં આવી છે. આ સિવાય ABG Shipyard કંપનીની પણ ૧,૮૭૫ કરોડની લોનમાફી થઈ છે.

## બિડેન સરકારે H1-B વિઝા પર પૂર્વ સરકારની નીતિઓને હટાવી

### બિડેનના નિર્ણયથી ભારતીય આઇટી પ્રોફેશનલ્સને મોટી રાહતના સંકેત : ૩૧ ડિસેમ્બર સુધી એચ-૧બી વિઝા ઇશ્યૂ કરવામાં લોટરી સિસ્ટમ યથાવત્ રાખવાની ભલામણ હતી

વોશિંગ્ટન,તા.૫

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બિડેનના નેતૃત્વવાળી સરકારે એચ-૧બી વિઝા પર પૂર્વ ટ્રમ્પ સરકારની નીતિઓને હાલ પૂરતી ટાળવાનો નિર્ણય લીધો છે. જેની સાથે ૩૧ ડિસેમ્બર સુધી એચ-૧બી વિઝા ઈશ્યુ કરવામાં લોટરી સિસ્ટમ યથાવત રાખવાની ભલામણ પણ કરી હતી. જો બિડેન પ્રશાસનના આ નિર્ણયથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સને મોટી રાહત મળે એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારતીયોમાં એચ-૧બી વિઝા ખૂબ જ લોકપ્રિય છે.

વિતેલા વર્ષની શરુઆતમાં જ ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વિઝાને લઈને નવી નીતિઓ અમલમાં લાવવાનુ એલાન કર્યુ હતું. જે હેઠળ લોટરી સિસ્ટમને ખતમ કરવાની સાથે પગાર અને મેરિટના આધારે



વિઝા આપવાનુ નક્કી કર્યુ હતું. ટ્રમ્પ સરકારના આ નિર્ણયને લીધે ભારતીયો માટે કપરી સ્થિતિ ઉભી થઈ હોવાનું માનવામાં આવતુ હતું.

યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસએ એના એક નિવેદનમાં જાહેર કર્યું હતું કે ટ્રમ્પ કાળમાં નવા નિયમોને ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી હટાવી લેવામાં આવ્યા છે. આ નિયમોનો નવ માર્ચથી અમલમાં લાવવામાં આવશે. યુએસસીઆઈએસનું કહેવુ હતું કે બિડેન સરકારના નિર્ણયથી એચ૧બી વીઝા પ્રક્રિયાને સુઘડ બનાવવામાં મદદ મળશે.

ઉલ્લેખનીય છે કે ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૬માં રાષ્ટ્રપતિ બનેલા જો બિડેન એ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતું કે તેઓ એચ૧બી વીઝા પર લાગેલા પ્રતિબંધોને ખતમ કરશે, તેમણે ટ્રમ્પ નીતિઓને ક્રૂર ગણાવી હતી.

અમેરિકામાં સત્તામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પે વર્ક વીઝાના નિયમોને કડક કર્યા હતા. તેમણે કોરોના મહામારીને લીધે એચ૧બી સહિત અલગ-અલગ પ્રકારના વર્ક વીઝા પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ લંબાવ્યો હતો. એચ-૧બી વિઝા ભારતીય આઈટી પ્રોફેશનલ્સમાં લોકપ્રિય છે.

## રેપો રેટ અને રિવર્સ રેપો રેટ યથાવત

નવી દિલ્હી, તા.૫

ભારતીય રિઝર્વ બેંકે મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસેએ કહ્યું કે, કમિટીએ વ્યાજ દરો બરકરાર રાખવાનો નિર્ણય લીધો છે. ત્યારબાદ હવે રેપો રેટ ૪ ટકા અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા પર છે. રિઝર્વ બેંકે મોનેટરી પોલિસીને લઈ પોતાનું વલણ નરમ રાખ્યું છે. અર્થશાસ્ત્રીઓને પણ આવી જ આશા હતી.

રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, અર્થવ્યવસ્થામાં રિકવરીના સંકેત વધુ મજબૂત થયા છે. મહામારીની સંકટની સ્થિતિમાં પહોંચેલા મોટાભાગના સેક્ટર હવે સામાન્ય સ્તર તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. આવા સેક્ટરની સંખ્યા વધી છે. વેક્સીન રોલઆઉટ થયા બાદ આર્થિક વિકાસનું અનુમાન વધ્યું છે. રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૨ના પહેલા છ મહિનામાં મોંઘવારી દરના અનુમાનને રિવાઈઝ કરી ૫-૫.૨ ટકા કરી દીધું છે.

## કરાકોરમના પહાડો ઉપર ચીને ઘાતક ટાઈપ ૯૯એ ટેન્કો ગોઠવી

લદાખ, તા. ૫

પૂર્વ લદ્દાખમાં ભારતની સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે ચીની સેનાએ કરાકોરમના પહાડો પર મોટી સંખ્યામાં પોતાના સૌથી ઘાતક ટેંક ટાઈપ ૯૯એને તૈનાત કરી દીધી છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સ ના મતે ચીનની આ ટેંક અંદાજે ૫૦૦૦ મીટરની ઊંચાઈ પર તૈનાત કરાઈ છે. ચીને તાજેતરમાં પોતાની નવી ૧૫ ટેંકના પહેલાં જથ્થાને પણ સામેલ કર્યો છે જે ટાઈપ ૯૯એની સાથે મળી જંગના મેદાનમાં ઉતરશે. ચીની અખબારે કહ્યું કે જો ફાયર પાવરની વાત કરીએ તો ટાઈપ ૯૯એ ટેંક ચીનની સૌથી ઘાતક ટેંક છે. તો ટાઈપ ૧૫ ટેંક ખૂબ જ ઝડપથી પ્રહાર કરવામાં સક્ષમ છે. આવો જાણીએ આ ચીની ટેંક ભારતના ટી-૯૦ ટેંકની સામે કયાં છે.

ચીની નિષ્ણાતોનું કહેવું છે કે ભારે વજનવાળા ટાઈપ ૯૯એ મુખ્ય યુદ્ધક ટેંક ઑક્સિજનની અછત અને પહાડી વિસ્તારના લીધે પૂર્વ લદાખમાં બહુ ખાસ કારગર નથી.

## ખેડૂતો શાંતિપૂર્ણ માર્ગ છોડી દેશો તો દેશમાં મોટું સંકટ ઉભુ થશે : શરદ પવાર

ન્યુ દિલ્હી,તા.૫

ખેડૂત અંદોલન પર કેન્દ્ર સરકાર દ્વારા અસંવેદનશીલ વલણ અપનાવવાનો આરોપ લગાવતા નેશનલ કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે કહ્યું હતું કે, જો ખેડૂતોએ પ્રદર્શનનો શાંતિપૂર્ણ માર્ગ છોડી દીધો તો દેશમાં મોટુ સંકટ ઉભુ થશે. આ માટે ભાજપ સરકાર જવાબદાર છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ચીફ શરદ પવાર એ કિસાન આંદોલનના બહાને કેન્દ્ર સરકારને એકવાર ફરી નિશાના પર લીધી છે. શરદ પવારે કહ્યું હતું કે, ખેડૂતો જો આંદોલનનો રસ્તો છોડીને કોઈ બીજી રીત અપનાવે તો તેની સંપૂર્ણ જવાબદારી ભાજપ (કેન્દ્ર) સરકારે લેવી પડશે. તેમણે કહ્યું કે, એવા ઘણા મુદ્દા છે, જેને લઈને જેના હાથમાં સત્તા છે તે સંવેદનશીલ નથી.

પવાર આ અગાઉ પણ ખેડૂત આંદોલનને લઈને કોઈ નિવેદન આપી ચુક્યા છે. આ પહેલા પણ તેમણે કૃષિ કાયદાને લઈને કેન્દ્ર સરકારને નિશાના પર લીધી હતી. શરદ પવારે થોડા દિવસ પહેલા જ ટ્વીટ કરીને કહ્યું હતું કે, સુધાર એક સતત પ્રક્રિયા છે અને એપીએમસી કે બજાર સિસ્ટમમાં સુધારા વિરુદ્ધ કોઈપણ વ્યક્તિ દલીલ નહીં આપે, પરંતુ તેના પર એક સકારાત્મક ચર્ચાનો તે મતલબ નથી કે આ સિસ્ટમને નબળી કે નષ્ટ કરવા માટે હોય.

શરદ પવારના આરોપોનો કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરએ વિસ્તારથી જવાબ આપ્યો હતો. તબક્કાવાર ટ્વીટ કરી તોમરે કહ્યું હતું કે, નવા કૃષિ કાયદા કિસાનો માટે પોતાનો પાક વેચવા માટે નવી વ્યવસ્થા આપવાનો વિકલ્પ આવનારા છે.

વાછાણી હોસ્પિટલ
NABH Certified (Entry Level)
'૦'-'૦' એરર ટેક્નોલોજી
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.
સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી
૨૪ કલાક તાત્કાલિક સારવાર
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
● વધુ માહિતી માટે સપર્ક કરો ●
મો. ૯૫૧૨૩૫૫૫૬૩ ૭૬૨૧૦૧૨૭૮૫
૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

GOOD HEALTH DIAGNOSTIC & OPD CENTER
આપના માટે લાવ્યું છે ખાસ ઓફર
નીચેના પ્રોફાઈલ માટે Home Collection ની સુવિધા

| | | |
|---|---|---|
| GH Basic Profile (50 Test) | 1500/- | @ Rs. 950/- |
| GH Advance Profile (64 Test) | 3400 | @ Rs. 2250/- |
| GH Senior Citizen Profile (66 Test) | 4600 | @ Rs. 3000/- |
| GH Diabetic Profile (51Test) | 1700 | @ Rs. 1100/- |
| GH Healthy Heart Profile (30Test) | 2400 | @ Rs. 1600/- |

આવી બીજી પ્રોફાઈલની જાણકારી માટે Whats app અથવા ફોન કરો : 82380 59944
જોઈન્ટ રીપ્લેસમેન્ટ કેમ્પ ફી ૧૦૦/- રૂપિયા
ડાયાબીટીસ કેમ્પ ફી ૨૦૦/- રૂપિયા
MD Medicine - Physician | Dr. Parth Trivedi - MS Ortho
સ્થળ : ૧૦૪, મેકડોનાલ્ડની ઉપર, પ્રમુખ ટેનજેન્ટ, સરગાસણ ચોકડી, સરગાસણ, ગાંધીનગર